પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૦૪, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૪-૧૨-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 104 PRICE :-RS. 1.50 DATE : 24-12-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બે કરોડ હસ્તાક્ષરવાળું મેમોરેન્ડમ રાષ્ટ્રપતિને આપશે

# ખેડૂત આંદોલનઃ આજે રાહુલ ગાંધી રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરશે

ન્યુ દિલ્હી,

દિલ્હી બોર્ડરો પર ખેડૂતોનું આંદોલન સતત ચાલી રહ્યું છે. સરકાર સાથેની વાતચીતો છતાં કોઈ સુખદ નિવેડો આવ્યો નથી. ખેડૂતો કૃષિ કાયદાને પાછો લેવા માટે સતત દબાણ કરી રહ્યા છે. જેમાં હવે ધીમે ધીમે રાજકીય પક્ષો પણ ખેડૂતોની પડખે આવી રહ્યા છે. દેશમાં છેલ્લા ૧ મહિનાથી ચાલી રહેલા ખેડૂત આંદોલનને લઈને કોંગ્રેસના રાહુલ ગાંધી પણ હવે રાષ્ટ્રપતિને મળીને આ બાબતે હસ્તક્ષેપ કરવા માટે રજૂઆત કરવા જનાર છે.






કૃષિ કાયદાને લઈને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી કાલે સવારે ૧૦.૪૫ કલાકે વિજય ચોકથી રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરશે. આ દરમિયાન રાહુલ ગાંધી સાથે અન્ય કોંગ્રેસી નેતાઓ પણ ભાગ લેશે. આ પછીથી રાહુલ અને અન્ય વરિષ્ઠ નેતાઓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદથી મુલાકાત કરશે અને છેલ્લા ૧ મહિનાથી દિલ્હીની બોર્ડરો પર ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં હસ્તક્ષેપ કરવા બે કરોડ સિગ્નેચરયુક્ત મેમોરેન્ડમ રજૂ કરશે. કોંગ્રેસ સાંસદ કે સુરેશે આ બાબતની જાણકારી આપી છે.

તો કોંગ્રેસી નેતાઓના પ્રદર્શનને લઈને મધ્યપ્રદેશના ગૃહમંત્રી નરોતમ મિશ્રાએ કહ્યું કે કોંગ્રેસ નેતા કમલનાથજી, જે ૧૫ મહિનાથી ક્યારેય ખેડૂતોના ખેતરમાં ગયા નથી. તેઓ ટ્રેક્ટર પર સવારી કરશે. રાહુલ ગાંધી જેમણે સોફા કમ ટ્રેક્ટર ચલાવ્યું હતું, તેમને એ પણ નથી ખબર કે બટાટા જમીનની ઉપર ઉગે છે કે નીચે. મિશ્રાએ કહ્યું કે હું સમજી નથી શકતો કે આ કૃષિ કાયદામાં ખોટું શું છે. આ ટુકડે ટુકડે ગેંગ છે. જેઓ ખેડૂતોને ભડકાવવાનું અને ભટકાવવાનું કામ કરે છે. અત્યાર સુધી કોઈ પણ કાળા કાયદાની વ્યાખ્યા નથી કરી શક્યા.

### બ્રિટન વડાપ્રધાનને ભારત ન આવવા વિનંતી કરવાનું કહેશે

## ખેડૂતો બ્રિટિશ સાંસદોને પત્ર લખીને પોતાની મુશ્કેલી વર્ણવશે

કૃષિ કાયદા રદ કરાવવા છેલ્લા લગભગ એક માસથી આંદોલન કરી રહેલા અને દિલ્હીના સીમાડા રોકીને બેઠેલા ખેડૂતો હવે મોદી સરકારને આંતરરાષ્ટ્રીય લેવલે મૂંઝવવાની યોજના ઘડી રહ્યા હોવાની જાણકારી મળી હતી.

ખેડૂતો બ્રિટિશ સાંસદોને પત્ર લખીને પોતાની મુશ્કેલી વર્ણવશે અને બ્રિટિશ વડા પ્રધાનને ભારતના પ્રજાસત્તાક દિની ઊજવણીમાં ન આવે એવી વિનંતી કરવાનું કહેશે. અત્રે એ યાદ રહે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જ્હૉન્સનને ૨૦૨૧ના પ્રજાસત્તાક દિને મુખ્ય મહેમાન તરીકે પધારવાનું આમંત્રણ મોકલ્યું હતું.

સાથોસાથ ખેડૂત આંદોલનો વિદેશમાં વસતા ભારતીય નાગરિકોને વિનંતી કરશે કે જે તે દેશમાં ભારતીય રાજદૂતાવાસની સામે તમે આંદોલન કરો અને અમારી મુશ્કેલી વર્ણવીને કહેજો કે ભારત સરકાર કૃષિ કાયદા અંગે લોકોને ગૂમરાહ કરી રહી હતી. ભારતમાં ઘરઆંગણે ખેડૂતો ગામે ગામ ફરીને કૃષિ કાયદાના ગેરફાયદા લોકો સમક્ષ રજૂ કરશે અને એ રીતે લોકમત જાગૃત કરીને કેન્દ્ર સરકારને આ કાયદા રદ કરવાની ફરજ પાડશે.

## કલોલ બ્લાસ્ટઃ સોસાયટીના રહીશો આક્ષેપ સાથે ઉપવાસ પર ઉતર્યા

ગાંધીનગર,

કલોલ તાલુકામાં આવેલી પંચવટી ગાર્ડન સિટીના બે મકાનોમાં ગેસ ભરાવાના કારણે મોટો બ્લાસ્ટ થયો હતો. જેમાં બે મકાનો જમીનદોસ્ત થયા હતા. આ બ્લાસ્ટમાં સોસાયટીની આસપાસના મકાનોના પણ કાચ તૂટયા હતા, ત્યારે સ્થાનિક તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરાઈ ના હોવાના આક્ષેપ સાથે આજે (બુધવાર) સોસાયટીના રહીશોએ ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે.

મળતી માહિતી પ્રમાણે કલોલમાં જે બ્લાસ્ટ થયો હતો, તેમાં સ્થાનિક તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. જેથી સ્થાનિક લોકોએ તંત્ર પર રોષ ઠાલવ્યો હતો અને તંત્ર દ્વારા હજી સુધી કોઈ જ પ્રકારના નક્કર પગલાં લેવામાં ન આવતા પંચવટી ગાર્ડન સિટીના રહીશો ઉપવાસ પર ઉતર્યા છે.

મંગળવારે વહેલી સવારે કલોલ પંચવટી ગાર્ડન સિટી સોસાયટીમાં બે મકાનોમાં તડાકા પીર બ્લાસ્ટ થયા હતા. જેનું પ્રાથમિક તારણ ઓએનજીસીની



પાઈપલાઈનમાંથી ગેસ બહાર આવી રહ્યા હોવાની વાત સામે આવી હતી, પરંતુ ઓએનજીસી દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, ઓરેન્જ સુધીની કોઈ પ્રકારની પાઈપલાઈન સોસાયટી નીચેથી પસાર થતી નથી. જ્યારે સૂત્રો તરફથી મળતી માહિતી પ્રમાણે બંધ ઘરમાં ગેસ ભરાવાને કારણે બ્લાસ્ટ થયાનું અનુમાન આપવામાં આવ્યું છે. જેમાં બંધ મકાનનાં ભોંય તળિયેથી ગેસ લીક થવાનું અનુમાન છે. જ્યારે બંધ મકાનનાં બારી-બારણાં બંધ હોવાથી ગેસ ભરાયો હોઈ શકે, ગેસનો હદ કરતાં વધારે ભરાવો થતાં એકાએક બ્લાસ્ટ થયાનું અનુમાન સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવી રહ્યું છે.

## ગુજરાતમાં ૧૩ હજારથી વધુ પોલીસ કર્મીઓની કરાશે ભરતી

ગાંધીનગર,

ગુજરાતમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સંગીન બનાવવા સારૂ, પોલીસ કર્મીઓનો વ્યાપ વધારવા અને પોલીસ સ્ટેશનોની સંખ્યામાં પણ વધારો કરવા માટે પણ અમારી સરકારે સઘન આયોજન કર્યું છે. છેલ્લાં સાત વર્ષમાં ગુજરાતમાં ૪૯,૦૦૦થી વધુ પોલીસ કર્મીઓની ભરતી કરવામાં આવી છે. અને આગામી વર્ષે વધુ ૧૩,૦૦૦ કર્મીઓની ભરતી કરાશે એવું ગૃહરાજ્ય પ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, પોલીસ કર્મીઓને આધુનિક ટેક્નોલોજીથી સુસજ્જ કરી તેના ઉપયોગ કરવા માટે તાલીમ સહિતની સુવિધાઓ પણ રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઈ રહે એ માટે પોલીસ તંત્ર અને ગૃહ વિભાગ એક ટીમ તરીકે કામ કરી રહી છે ત્યારે મેનપાવર, સ્કીલ અપગ્રેડેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન અને ટેક્નોલોજીનો ઉપયોગ વધારવા પણ રાજ્ય સરકાર આગળ વધી રહી છે.

રાજ્યમાં કન્વિક્શન રેટ વધે તે માટે કન્વિક્શન ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. તેમાં ૨૪ કલાક તપાસ માટે માર્ગદર્શન મળી રહે તેવું આયોજન થઈ રહ્યું છે. નિવૃત્ત પોલીસ અધિકારીને પેરવી ઓફિસર તરીકે નિમવાની જોગવાઈ કરાઈ છે. આ પ્રોજેક્ટ હેઠળ ઈન્વેસ્ટિગેશન માટે અલાયદો રૂમ, કોલ સેન્ટર, એફઆઈઆર ડ્રાફ્ટીંગ માટે રક્ષાશક્તિ યુનિવર્સિટીના સંકલનમાં રહી પોલીસ કર્મચારીઓને તાલીમની સુવિધા તથા એફએસએલની સેવાઓને વધુ સંગીન રીતે લાભ લેવાશે એવું જાડેજાએ ઉમેર્યું હતું.

## ઈઝરાયેલમાં મોટું રાજકીય સંકટઃ નેતન્યાહૂએ સંસદ ભંગ કરી

જેરુસલેમ,

ઈઝરાયેલમાં રાજકીય સંકટ ઊભું થયું છે. પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂની ગઠબંધન સરકાર બજેટ રજુ કરવામાં નિષ્ફળ જતા સંસદને ભંગ કરવામાં આવી છે. આમ ઈઝરાયેલમાં માત્ર બે વર્ષમાં ચોથી ચૂંટણી યોજાય તેવી પ્રબળ શક્યતા ઊભી થઈ છે. ગઠબંધન સરકારના સહયોગી અને રક્ષામંત્રી બેની ગેન્ટ્ઝએ નેતન્યાહૂ પર વચન તોડવાનો આરોપ લગાવ્યો છે.



તેમણે કહ્યું કે દેશમાં નવી ચૂંટણી કરાવવામાં આવે તે જ સારું રહેશે. નોંધનીય છે કે ડિસેમ્બરની શરૂઆતમાં સંસદ ભંગ કરવાનો પ્રસ્તાવ રજુ કરાયો હતો. તેના પક્ષમાં ૬૧ મત પડ્યા હતા.

સંસદ ભંગ થયા બાદ કહેવાય છે કે ઈઝરાયેલમાં આગામી વર્ષ માર્ચમાં ચોથીવાર સામાન્ય ચૂંટણી કરાવવામાં આવશે. બેન્જામિન નેતન્યાહૂ સરકાર પાસે ૨૦૨૦ બજેટ પાસ કરવા માટે માત્ર ગણતરીના કલાકો બાકી છે. જો સરકાર તેમા નિષ્ફળ જશે તો બંધારણીય રીતે સંસદ ભંગ ગણવામાં આવશે અને ત્યારબાદ ફરીથી ચૂંટણી કરાવવા સિવાય કોઈ વિકલ્પ નહીં રહે.

નેતન્યાહૂ લિકુડ પાર્ટીના અધ્યક્ષ છે. જ્યારે ગેન્ટ્ઝ બ્લ્યુ એન્ડ વ્હાઈટ પાર્ટી સાથે જોડાયેલા છે. એપ્રિલમાં બંને પક્ષોએ એક જોઈન્ટ કરાર હેઠળ સરકાર બનાવી હતી. જો કે જલદી બે પક્ષો વચ્ચે મતભેદો સામે આવવા લાગ્યા. ગેન્ટ્ઝનું કહેવું છે કે બેન્જામિન નેતન્યાહૂ વચન તોડી રહ્યા છે. પરંતુ પ્રધાનમંત્રીએ આ આરોપો ફગાવ્યા. બંને વચ્ચે તાજો વિવાદ બજેટને લઈને છે. ગેન્ટ્ઝે માગણી કરી હતી કે ૨૦૨૦ અને ૨૦૨૧ બંનેને કવર કરતા એક બજેટ પાસ કરવામાં આવે. જેથી કરીને સ્થિરતા જળવાઈ રહે. પરંતુ પ્રધાનમંત્રી તેના માટે તૈયાર થયા નહીં. નેતન્યાહૂના સમર્થકોનું કહેવું છે કે ગેન્ટ્શનો આ પ્રસ્તાવ ફક્ત સરકારને અસ્થિર કરવાનું ષડયંત્ર છે. તેઓ નેતન્યાહૂને હટાવીને પોતે પ્રધાનમંત્રી બનવા માંગે છે.

## કોરોનાના દર્દીઓમાં 'ગુલિયન બેરે સિન્ડ્રોમ'ના લક્ષણો જોવા મળતા ડોક્ટરોની ચિંતા વધી

અમદાવાદ,

રાજ્યમાં કોરોના વાઈરસના કેસોમાં હવે ઘટાડો થઈ રહ્યો છે. ખાનગી કોવિડ હોસ્પિટલોમાં ૮૦ ટકા જેટલાં બેડ ખાલી પડ્યાં છે, ત્યારે રાજ્યમાં કોરોનાની બીમારીને હરાવીને સાજા થયેલા દર્દીઓ માટે નવી મુસીબત ઊભી થઈ છે. કોરોનાના સાજા થયેલા દર્દીઓમાં મ્યુકર માયકોસીસ બાદ હવે ગુલિયન બારી સિન્ડ્રોમ નામના રોગે દેખા દીધી છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવા દસ કેસ સામે આવ્યા છે, અમદાવાદ ઉપરાંત અન્ય જગ્યાએ પણ આ કેસ જોવા મળ્યા હોવાનું જણાવાઈ રહ્યું છે. આ જૂનો રોગ છે, પણ કોરોનામાં સાજા થયેલા દર્દીઓમાં વકર્યો છે, આ રોગમાં હાથ-પગે લકવો મારી જાય છે.

અમદાવાદની સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. જે.પી. મોદીએ જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલમાં અત્યારે ૧૦ જેટલા દર્દી સારવાર લઈ રહ્યા છે, દર હજારે એકને આ રોગ થતો હોય છે, પણ કોરોનામાં સાજા થયેલા દર્દીઓમાં આ રોગ જોવા મળી રહ્યો છે.

વાઈરલ ઈન્ફેક્શન થાય તો એના ૨૦ દિવસ પછી પણ આ રોગ થતો હોય છે. આ નવો નહિ, પણ જૂનો રોગ છે. સિવિલ હોસ્પિટલના એક તબીબે જણાવ્યું હતું કે પોસ્ટ કોવિડ પછી અત્યારે ગુલિયન બારી સિન્ડ્રોમ રોગ વકર્યો છે, કોરોના મટયા બાદ હાથ-પગમાં લકવો થાય છે, પગમાં નબળાઈ આવે છે, બાળકોમાં આ રોગ વિશેષ થતો હોય છે.

## ૫૯૦૦૦ કરોડની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજનાને મંજૂરી આપી

ન્યુ દિલ્હી,

મોદી કેબિનેટે આજે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે શિક્ષણને લઈને મોટો નિર્ણય લીધો છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ૫૯,૦૦૦ કરોડની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિની યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાથી ૪ કરોડથી પણ વધારે વિદ્યાર્થીઓને ફાયદો થવાનો છે. શિષ્યવૃતિમાં ૬૦ ટકા કેન્દ્ર અને ૪૦ ટકા રાજ્ય સરકાર આપશે.

કેબિનેટના આ નિર્ણય વિશે જાણકારી આપતા કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યુ હતું કે, ભારત સરકારે ડીટીએચ સેવા આપવા માટે દિશા નિર્દેશોમાં સંશોધન કર્યુ છે. ડીટીએચ લાયસન્સ ૨૦ વર્ષ સુધી ચાલુ રહેશે.

ડીટીએચ ક્ષેત્રને ૧૦૦ ટકા એફડીઆઈમાં સામેલ કરવામાં આવ્યુ છે. પહેલા વાણિજ્ય મંત્રાલય ૧૦૦ ટકા વિદેશી રોકાણને મંજૂરી આપી હતી. પણ માહિતી ખાતાની ગાઈડલાઈન અનુસાર તેને સમગ્રપણે લાગૂ કરી શક્યા નહીં. જોકે હવે યોગ્ય રીતે લાગૂ કરવાનો રસ્તો કેબિનેટ સાફ કરી દીધો છે.

**Assure Cab**

Never miss a flight

BECAUSE WE ASSURE CAB ALWAYS ON TIME.

CALL OR WHATSAPP 7490866866

Travel One Way Pay One Way

ARE YOU STILL PAYING FOR TWO WAY CHARGES ?

GPS ENABLED ■ DOOR TO DOOR ■ SANITIZED CAR ■ TOLL TAX INCLUDED

| : AIRPORT FARES : | | : GUJARAT TO MAHARASHTRA : | |
|---|---|---|---|
| VADODRA TO AHMEDABAD | : Rs.1399 | RAJKOT TO MUMBAI | : Rs.8499 |
| SURAT TO TO AHMEDABAD | : Rs.3299 | AHMEDABAD TO MUMBAI | : Rs.6499 |
| SURAT TO MUMBAI | : Rs.3299 | VADODRA TO MUMBAI | : Rs.5499 |
| RAJKOT TO AHMEDABAD | : Rs.2299 | SURAT TO MUMBAI | : Rs.3299 |
| BHUJ TO AHMEDABAD | : Rs.3999 | | |

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આઈ. આર. પારગી

મુ. સરાડ, તા. સંતરામપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. એચ. ડામોર

મુ. સીંગલગઠ, તા. સંતરામપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આઈ.એસ. મુસા

મુ. ગોધરા ભાગોળ, તા. સંતરામપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. એચ. ડામોર

મુ. મોટી ક્યાર, તા. સંતરામપુર

# મહીસાગરમાં આજે ૮ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૦૪ પોઝીટીવ કેસ

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાના,૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૩-૧૨-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૯૦૪ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાસમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લાસમાં અત્યાર સુધીમાં કુલ ૧૭૯૫ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૦૩૦૬૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૩૧૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૦ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૪૧ દર્દી હોમ આઇસોલેશન, ૦૨ દર્દી લુણાવાડા (CCC), ૦૫ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૫૬ દર્દીઓ સ્ટેબલ, ૦૯ દર્દીઓ ઓક્સિજન પર છે.

# સંતરામપુર બાયપાસ પાસેથી LCBએ ઈંગ્લિશ દારૂ ઝડપી પાડયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરના બાયપાસ રોડ ઉપર મીરા હોસ્પિટલની બાજુમાંથી રાજસ્થાન સજ્જનગઢ ઠેકા પાસેથી અલગ અલગ પ્રકારની બ્રાન્ડેડ ઈંગ્લિશ દારૂ ૩૧૦ ગાડીમાં અમદાવાદના અલાઉદ્દીન સરફુદ્દીન મણિયાર ઈંગ્લિશ દારૂ લઈને જતો હતો. સંતરામપુરમાં મહિસાગર જિલ્લાના એલસીબીએ બાતમીના આધારે ઈંગ્લિશ દારૂ મુદ્દામાલ સાથે બે લાખ ૭૦ હજાર નો કબજે કર્યો હતો. એલસીબીએ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી.

# ગોધરાના ઈનોવેટીવ શિક્ષકને સિનેમેજીક શોબીઝ થી સન્માનિત કરાયા



ગોધરા,

સિનેમેજિક શોબીઝ icon એવોર્ડ ૨૦૨૦ અમદાવાદમાં ૨૧-૧૨-૨૦૨૦ ના રોજ ગ્રાન્ડ વિનાયક હોટલ ઓઢવ અમદાવાદ ખાતે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ખ્યાતનામ કલાકાર ચંદન રાઠોડ તથા કાર્યક્રમના મુખ્ય આયોજક એવા ભરતભાઈ શર્માના હસ્તે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ખૂબ જ મૂલ્યવાનસિનેમેજીક શોબીઝ એવોર્ડ-૨૦૨૦ શ્રેષ્ઠ અભિનેતા અને પ્રોડયુસર નો એવોર્ડ ગોધરાના ઉત્સાહી ઈનોવેટિવ શિક્ષક અને કલાકાર ઈન્દ્રવદન પરમાર (ઈન્દુભાઈ) ને વિશ્વ ચેતના ફિલ્મ્સ ગોધરા અને ઉત્તર બુનિયાદી વિદ્યાલય ડેમલી ના મદદનીશ શિક્ષક ને તેઓએ કરેલ અનેક ફિલ્મોમાં અભિનયની ઉત્કૃષ્ટતા બદલ અને પ્રોડ્યુસર તરીકે સફળ કામગીરી કરવા બદલ સિનેમેજિક એવોર્ડ ના પ્રણેતા ભરત શર્મા તથા ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ખ્યાતનામ કલાકાર ચંદન રાઠોડ ના હસ્તે સન્માનિત કર્યા હતા. આ એવોર્ડ સમારોહમાં ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના અનેકઆર્ટિસ્ટો કલાકાર મિત્રો અને અભિનેત્રીઓ હાજર રહ્યા હતાં પ્રોડ્યુસર ઈન્દ્રવદન પરમાર ઈન્દુભાઈ તરફથી તાજેતરમાં એજ્યુકેશનલ શોર્ટ ફિલ્મ જન્મોત્સવ ,બોળો છત્રી સખી માર્કંડી પવિત્રતા સહિત અનેક રચનાત્મક ફિલ્મોમાં સુંદર અભિનય સાથે પ્રોડ્યુસર ની ભૂમિકામાં રહીને અનેક કલાકારો મેં ઈન્દ્રવદન પરમાર દ્વારાને પ્રોત્સાહિત કર્યા હતા અને પુરા રાજયમાં સોશિયલ મીડિયામાં ખૂબ સુંદર આ ફિલ્મો ધૂમ મચાવે છે. ઈન્દ્રવદન પરમાર દ્વારા આ રાજય ના વિદ્યાર્થીઓ માટે જબરદસ્ત નવતર પ્રયોગ છે શિક્ષકો વર્ગમાં શિક્ષણ કાર્ય કરે છે ત્યારે અત્યારના હાલના સમયમાં કોરોના મહામારીના આ ભયંકર કપરા કાળમાં ધોરણ-૯ અને ૧૦ના એકમોનું વિવિધ પાત્રો સહિત સ્વયં પોતે અભિનય દ્વારા ફિલ્માંકન કરી રાજયના વિદ્યાર્થીઓ માટે તેઓ આ ફિલ્મ વિનામૂલ્યે નિઃશુલ્ક પહોંચાડે છે સ્વ ખર્ચે ધોરણ ૯-૧૦ ના ગુજરાતી વિષયના એકમોનું ફિલ્માંકન કરી એક જબરજસ્ત એજ્યુકેશનલ રાષ્ટ્રીય સેવા પૂરી પાડે છે. જે ખરેખર શિક્ષક સમાજ માટે ગૌરવવંતી બાબત છે.

# દેશમાં એસ્ટ્રાજેનેકાની કોવીશીલ્ડને આગામી સપ્તાહે મંજૂરી મળે તેવી શકયતા




ન્યુ દિલ્હી,

કોરોના વેકસીન અંગે ઝડપથી સારા સમાચાર મળે તેવી શકયતા છે. ઓકસફોર્ડ-અસ્ટ્રાજેનેકાની વેક્સિન કોવીશલ્ડના ભારતમાં ઈમરજન્સી યુઝ માટે આગામી સપ્તાહે મંજૂરી મળી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સરકારે સીરમ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા પાસેથી કેટલાક બીજા ડેટા માંગ્યા હતા, જે કંપનીએ આપી દીધા છે. ભારતમાં ઓકસફોર્ડ-અસ્ટ્રાજેનેકાની વેક્સિનનું મેન્યુફેકચરિંગ એસઆઈઆઈ કરી રહી છે.

જો સરકાર ઓકસફોર્ડ અને એસ્ટ્રાજેનેકાની વેકસીન કોવીશિલ્ડને મંજુરી આપશે તો ભારત આ વેકસીનનો ઉપયોગ કરનારો પહેલો દેશ બની જશે. આ સાથે જ કોવીશિલ્ડ ભારતની આ પહેલી વેક્સીન હશે, કારણ કે દુનિયામાં હજી સુધી કોઈ આ વેક્સીનને ઉપયોગમા લેવાની મંજુરી આપી નથી.

પુણે ખાતે આવેલા સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયાએ બ્રિટિશ-સ્વીડિશ ફાર્મા કંપની એસ્ટ્રાઝેનેકા સાથે મળીને ઓકસફોર્ડ યૂનિઅર્સિટી દ્વારા વિકસીત વેક્સીન બનાવ્વવા માટે સમજુતી કરી છે. ઓકસફોર્ડ યૂનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકાનો દાવો છે કે, તેની કોરોનાની રસી પરિક્ષણના છેલ્લા તબક્કામાં ૯૦ ટકા અસરકારક રહી છે.

બ્રિટિશ કંપની એસ્ટ્રાજેનેકાની વેક્સિનને મંજૂરી આપનાર ભારત પ્રથમ દેશ બની શકે છે. બ્રિટનમાં હાલ તેના ટ્રાયલના ડેટાની તપાસ ચાલી રહી છે. વેક્સિન બનાવવામાં ભારત વિશ્વનો સૌથી મોટો દેશ છે. સરકાર ઈચ્છે છે કે જાન્યુઆરીથી દેશના લોકોને વેક્સિન લગાવવાનું શરૂ થાય. તેના માટે ફાઈઝર અને ભારત બાયોટેકની વેક્સિનના ઈમરજન્સી યુઝને મંજૂરી પણ ઝડપથી મળી શકે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪ ડિસેમ્બરે કોરોના પર ઓલ પાર્ટી મીટિંગ બોલાવી હતી. બેઠક બાદ તેમણે કહ્યું હતું કે, આવનાર ગણતરીના સપ્તાહમાં જ કોરોનાની વેક્સિન તૈયાર થઈ જશે. આ રસી સૌથી પહેલા વૃદ્ધો અને હેલ્થ વર્કર્સને આપવામાં આવશે.

# દેશમાં કોરોના કેસ ઘટ્યા પરંતુ કેરળમાં એક જ દિવસમાં ૬ હજાર પોઝિટિવ કેસ નોંધાયા

તિરુવનંતપુરમ્,

દેશમાં કોરોનાના કેસ મામલે હવે કેરળની સ્થિતિ વધુ ચિંતાજનક હોવાનું સામે આવી રહ્યું છે. અહીં દરરોજ પાંચથી છ હજાર કેસ આવે છે. અહીં મંગળવારે કોરોનાના નવા ૬૦૪૯ કેસ સામે આવ્યા હતા. જે થોડા સમય અગાઉ ટોચના સ્થાને ચાલી રહેલા મહારાષ્ટ્રની સરખામણીએ લગભગ ડબલ છે. કેરળમાં ૬૧,૦૦૦ એક્ટિવ કેસ છે, જ્યારે મહારાષ્ટ્રમાં ૫૮,૦૦૦ એક્ટિવ કેસ છે.

આ દરમિયાન તેલંગાણા સરકારે પ્રાઈવેટ લેબમાં આરટી-પીસીઆર કોવિડ-૧૯ ટેસ્ટનો ચાર્જ નક્કી કરી લીધો છે. હવે ૫૦૦ રૂપિયામાં જ લોકો કોરોનાનો ટેસ્ટ કરાવી શકશે. જો લેબનો કર્મચારી કોઈના ઘરે જઈને સેમ્પલ લેશે તો આ માટે રૂ. ૭૫૦ ચાર્જ લઈ શકશે.

દેશમાં મંગળવારે ૨૩,૮૮૦ કેસ નોંધાયા હતા અને ૨૭,૦૩૨ દર્દી સાજા થયા હતા. ૩૨૯ લોકોનાં મોત નિપજ્યાં હતાં. આમ, એક્ટિવ કેસમાં ૩૪૯૮નો ઘટાડો થયો છે. દેશમાં અત્યાર સુધી ૧ કરોડ ૯૯ હજાર કેસ નોંધાઈ ચૂક્યા છે, જ્યારે ૯૬.૬૨ લાખ દર્દી સાજા થયા છે અને ૧.૪૬ લાખ લોકો મૃત્યુ પામ્યા છે. કુલ ૨.૮૭ લાખ દર્દીની સારવાર ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે, મંગળવારે ૧૫૦૦થી વધુ લોકો બ્રિટનથી ભારત આવ્યા હતા, જેમાં ૨૪ લોકો સંક્રમિત મળી આવ્યા હતા. આ સંખ્યા હજી વધી શકે છે, કેમ કે તમામ લોકોના ટેસ્ટના રિપોર્ટ હજી સુધી આવ્યા નથી. અત્યારસુધીમાં ભારત સહિત કુલ ૪૯ દેશ બ્રિટનથી આવતી ફ્લાઈટ પર પ્રતિબંધ લગાવ્યો છે.

# રજિસ્ટર્ડ ફાર્માસીસ્ટે રજિસ્ટ્રેશન રીન્યુ કરવા પાંચ વર્ષ દરમિયાન બે દિવસનો એક અથવા એક દિવસના બે રીફ્રેશર કોર્સ કરવા ફરજિયાત

લુણાવાડા,

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ અમદાવાદની યાદીમાં જણાવ્યા અનુસાર રજિસ્ટર્ડ ફાર્માસીસ્ટે રજિસ્ટ્રેશન રીન્યુ કરવા પાંચ વર્ષ દરમિયાન બે દિવસનો એક અથવા એક દિવસના બે રીફ્રેશર કોર્સ કરવા ફરજિયાત છે.

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી દ્વારા ફાર્મસી પ્રેક્ટિસ રેગ્યુલેશન-૨૦૧૫ તા.૧૫/૧૧/૨૦૧૫ના રોજ બહાર પાડવામાં આવેલ છે. જેના નિયમ નં. ૪.૨ પ્રમાણે દરેક રજિસ્ટર્ડ ફાર્માસીસ્ટે રજિસ્ટ્રેશન રીન્યુ કરવા પાંચ વર્ષ દરમિયાન બે દિવસનો એક અથવા એક દિવસના બે રીફ્રેશર કોર્સ કરવા ફરજિયાત છે. રજિસ્ટ્રેશન રીન્યુઅલ વખતે રીફ્રેશર કોર્સના સર્ટીફીકેટની નકલ સામેલ કરવી ફરજીયાત છે. રીફ્રેશર કોર્સ માટે જે તે ફાર્માસીસ્ટે નજીકની ફાર્મસી કોલેજ અથવા ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલના ફોન નં. (૦૭૯)૨૨૬૮૧૦૧૨ પર સંપર્ક કરવાનો રહેશે. આ ઉપરાંત રીફ્રેશર કોર્સની વિગતો માટે ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલની વેબસાઇટ http://www. gujaratpharmacycouncil. org ની મુલાકાત લેવાની રહેશે. ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા તમામ ફાર્માસીસ્ટ જેઓના રજિસ્ટ્રેશનની રીન્યુઅલની મુદત તા. ૩૧ ડીસેમ્બર,૨૦૨૦ના રોજ સમાપ્ત થતી હોય તેઓએ રજિસ્ટ્રેશન રીન્યુ કરાવવા માટે નિયત ફોર્મ સાથે રીન્યુઅલ ફી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલને તા. ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે. આ તારીખ પછી આવેલ ફીના આધારે કોઇપણ ફાર્માસિસ્ટનું રજિસ્ટ્રેશન રીન્યુ થઇ શકશે નહીં. જેઓનું રજિસ્ટ્રેશન આ પ્રમાણે રદ થાય તેઓને નિયમો અનુસાર રી-એન્ટ્રી કરાવવાની રહેશે. રીન્યુઅલ માટે નિયત ફોર્મ, રીન્યુઅલ ફી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે તા. ૧લી જાન્યુઆરીથી ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી સોમવાર થી શુક્રવારના રોજ સવારે ૧૧ થી ૪ સુધી સ્વીકારવામાં આવશે તેમ રજીસ્ટ્રાર ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ, અમદાવાદની યાદીમાં જણાવાયું છે.

# પંચમહાલ જીલ્લામાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત ૪૦ હજાર નવા મતદાર ઉમેરાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત જિલ્લા માંથી નવા ૪૦,૦૦૦ મતદારો નોંધાવા પામ્યા છે.ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચાલવાયેલા મતદાર જાગૃતિ અભિયાન સાર્થક થયું તેમ કહી શકાય.

આગામી સમય માં યોજાનાર ચૂંટણીઓ માટે સરકાર દ્વારા મતદાર જન જાગૃતિ અભિયાનની મુહિમ શરૂ કરાઈ હતી.જેમાં પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ મતદાર જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું અને જિલ્લા ના ગામેગામ આ અભિયાન હાથ ધરતા જાગૃતિ રથ ફેરવવામાં આવ્યા હતા. જેમાં પંચમહાલ જિલ્લા વહીવટી તંત્રને સફળતા હાથ લાગતા જિલ્લામાં નવા મતદારોએ મોટી સંખ્યામાં મતદાર તરીકે નામ નોંધાવ્યા હતા.

જેમાં પંચમહાલ જિલ્લાની ચૂંટણી શાખાના અધિકારીના જણાવ્યા અનુસાર પંચમહાલ જિલ્લા માંથી ફોર્મ નં.૬(નવા મતદારો) માં ૪૦,૦૦૦ નામ નોંધાવવા પામ્યા છે. જ્યારે ફોર્મ નં.૭ (નામ કમી કરવાના) માં ૧૧૦૦૦, ફોર્મ નં.૮( મતદાર યાદીમાં સુધારા વધારા) માટે ૧૪,૦૦૦ તેમજ ફોર્મ નં.૮ એ માટે ૨૭૦૦ નામ નોંધાવવા પામ્યા છે.પંચમહાલ જિલ્લા માં છેલ્લા આંકડા અનુસાર કુલ ૧૨,૩૦,૫૪૦ મતદારો નોંધાવા પામ્યા છે. જેમાં પુરૂષ-૬,૩૨,૦૦૦ અને સ્ત્રી-૫,૯૭,૦૦૦ નો સમાવેશ થાય છે.

જેમાં પંચમહાલ જિલ્લાના વિવિધ વિવિધ તાલુકાઓમાં નવા મતદારો માટે ફોર્મની યાદી આ પ્રમાણે નોંધાવા પામી છે.જેની તપાસ પ્રક્રિયા હાલ ચાલુ છે.

| તાલુકો | ફોર્મ ની સંખ્યા |
|---|---|
| શહેરા. | ૧૨,૦૦૦ |
| મોરવા હડફ | ૧૦,૫૦૦ |
| ગોધરા. | ૧૭,૦૦૦ |
| કાલોલ. | ૧૩,૦૦૦ |
| હાલોલ. | ૧૪,૦૦૦ |

# ગ્રાહકોની માહિતીનું ઓનલાઇન રજીસ્ટ્રેશન ન કરનાર ૩ હોટલના મેનેજરોની ધરપકડ

વડોદરા,

વડોદરા શહેરની હોટલોમાં આશ્રય લેતાં મુસાફરોની માહિતી પોલીસને મળી રહે તે માટે પોલીસે તમામ હોટલ, લોજ અને ગેસ્ટહાઉસમાં રિસેપ્શન કાઉન્ટર ઉપરના કોમ્પ્યુટરમાં પથિક સોફ્ટવેર રાખીને મુસાફરોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તેમ છતાં છેલ્લા એક મહિનાથી એક પણ મુસાફરની ઓનલાઈન રજીસ્ટ્રેશન ન કરીને માહિતી છુપાવવા બદલ ત્રણ હોટલના મેનેજરની પોલીસે જાહેરનામાના ભંગ બદલ હેઠળ ધરપકડ કરી હતી. અસામાજિક તત્વો પોલીસથી બચવા હોટલોમાં આશરો મેળવતા હોય છે, જેથી સલામતી અને શાંતિ જળવાઈ રહે તે માટે એસઓજી પોલીસ સતત કાર્યરત છે અને વડોદરા શહેરમાં મુસાફરોને રહેવાની સગવડ પૂરી પાડતા હોટલ, લોજ અને ગેસ્ટહાઉસના સંચાલક તથા જવાબદાર વ્યક્તિએ રિસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેક્શનવાળું કોમ્પ્યુટરમાં પોલીસ દ્વારા આપવામાં આવેલુ પથિક સોફ્ટવેર ઈન્સ્ટોલ કરીને રજીસ્ટરમાં થતી એન્ટ્રીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત કર્યું છે અને તે અંતર્ગત જાહેરનામું પણ બહાર પાડ્યું છે, પરંતુ, હજી પણ કેટલીક હોટલ, ગેસ્ટ હાઉસ અને લોજમાં બેદરકારી દાખવવામાં આવી રહી છે.

# સાબરકાંઠા જીલ્લામાં સાત PSIની આંતરિક બદલી કરાઈ

હિંમતનગર,

સાબરકાંઠા જીલ્લામાં સાત પીએસઆઈની આંતરિક બદલી કરવામાં આવી છે. થોડા દિવસ પહેલા બે પીએસઆઈ અને એક પીઆઈની બદલી કરવામાં આવી હતી. આ પછી ફરી સાત પીએસઆઈની બદલી કરવામાં આવી છે. પીએસઆઈ એ.વી.જોશીને એસઓજીથી હિમતનગર બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બદલી કરાઈ છે.

પીએસઆઈ કે.કે.રાઠોડને એ ડીવીઝન થી એસઓજી શાખામાં બદલી કરાઈ છે. જ્યારે પીએસઆઈ જે.આર.દેસાઈને ગાંભોઈથી એલસીબીમાં બદલી કરાઈ છે. તેમજ પીએસઆઈ પી.પી.જાનીને વડાલીથી ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવી છે.

# “સાચું કહીશું તો બદનામ થાશો” આ દર્દભર્યું ગીત કર્મા વિઝન યુટ્યુબ ચેનલમાંથી રિલીઝ




સાચું કહીશું તો બદનામ થાશો “ ગીત કર્મા વિઝન યૂ-ટ્યુબ ચેનલ માં રિલીઝ થઈ ચૂક્યું છે.

આ ગુજરાતી દર્દભર્યું ગીત આપણાં મહેસાણા સિટી ને એકદમ અલગ જ અંદાઝમાં બતાવવામાં આવ્યું છે...!!!

આ દર્દભર્યું “ સાચું કહીશું તો બદનામ થાશો “ ગીત ગુજરાત ખાતે, ટી.જી.એ. મહેસાણા સિટીમાં ફિલ્માવવામાં આવ્યું છે.

આ ગીતમાં ગુજરાતનાં સુપરસ્ટાર લોકગાયક વિજયભાઈ સુવાળા એ સુંદરમય મધુર અવાજ આપ્યો છે.

ગીત નાં લેખક એવાં મન મોહક કરે એવી વાણી એટલે મનથી લખતાં મનોજભાઈ પ્રજાપતિ મન એ આ ગીતનાં દર્દિલા શબ્દો લખ્યાં હતાં.

આ ગીતમાં જેમાં આપણાં ખાસ લોકલાડીલા યુવરાજભાઈ સુવાળા, ઈષીકાબેન તોરીયા અને વિશ્વાસભાઈ શોની મુખ્ય કલાકારો તરીકે જોવા મળ્યા છે.

જેમાં ડિરેકટર એવાં આનંદભાઈ મહેરા એ સુંદર મજાનું ડિરેકશન કર્યું છે. મ્યુઝિક ડિરેક્ટર ધવલભાઈ કાપડિયા એ પણ સુંદર મજાનું મ્યુઝિક આપ્યું છે.

કોન્સેપ્ટ : કમલભાઈ બાલીયા, એડિટર : રવિન્દ્રભાઈ રાઠોડ અને ડિ.ઓ.પી. : પ્રકાશભાઈ પટેલ આ ત્રણેય થકી આ ગીત તૈયાર કરવામાં આવેલ છે.

સાથે સાથે કર્મા વિઝન એ દરેક એ દરેક ટીમ નો ખૂબ જ આભાર વ્યક્ત કર્યો હતો.

હાલમાં જ કર્મા વિઝન યુટ્યુબ ચેનલ પર રીલીઝ થયેલ આ દર્દભર્યું ગીત લોકોને પસંદ પડી રહ્યું છે..!!!

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૪-૧૨-૨૦૨૦, ગુરૂવાર, નિજ માગશર સુદ-૧૦, સૂર્યોદય-૭-૨૪, સૂર્યાસ્ત-૬-૦૭, જૈન નવકારશી-૮-૧૧, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્ર: અશ્વિની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત-૧૨-૨૫ થી ૧૩-૦૮ સુધી ૭-૨૫ થી શુભ-૮-૪૫ સુધી, ૧૧-૨૬ થી ચલ-લાભ-અમૃત-૧૫-૨૮ સુધી, ૧૬-૪૮ થી શુભ-અમૃત-ચલ-૨૧-૨૮ સુધી

- શુભ હોરા-
૭-૨૫ થી ૮-૧૮ સુધી,૧૦-૦૬થી ૧૨-૪૭ સુધી,૧૩-૪૦થી ૧૪-૩૯ સુધી,૧૬-૨૧થી ૧૯-૧૫ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૪.૧૨.૨૦૨૦ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- લાગણીઓ ઉપર કાબુ રાખજો નોકરીમાં કાર્યભાર રહેવાનો નવી ઓળખાણથી લાભ રહેવાનો.

વૃષભ(બ.વ.ઉ.) :- દિવસ દરમ્યાન બેચેનીનો ભોગ ન બનો તેનું ધ્યાન રાખવું મહત્વના નિર્ણયોથી દૂર રહેજો.

મિથુન(ક.છ.ઘ.) :- કાર્યની પ્રસંશા થયાની શુભેચ્છકો તરફથી શુભેચ્છાના સંદેશો મલે. મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા.

કર્ક(ડ.હ.) :- યાત્રા પ્રવાસની ઈચ્છા ફળવાની છે નોકરી બદલી -પ્રમોશનના ચાન્સ રહે. વિદેશથી આર્થિક લાભ મલવાનો.

સિંહ(મ.ટ.) :- પ્રતિષ્ઠા વધવાની ભાઈ-બહેનો સાથે મહત્વની ચર્ચા-વિચારણા થાય રાજકીય રીતે લાભ રહે.

કન્યા(પ.ઠ.ણ.) :- માતુશ્રી તરફથી સહકાર મલવાનો આપ. પ્રમાણ જળવાઈ રહેવાનું શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.

તુલા(ર.ત.) :- દિવસ દરમ્યાન કોઈ ચોક્કસ મુદ્દાને લઈને ચર્ચામાં વ્યસ્થ રહેશો. ભૌતિક સુખ સગવડતાઓ વધવાની.

વૃશ્ચિક(ન.ય.) :- પ્રિયજનો સાથે પ્રવાસનું આયોજન થાય નોકરી, વ્યવસાયમાં ન ધારેલી સફળતા મહત્વકાંક્ષઓને કાબુમાં રાખવી.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- વિચારોથી સમુધ્ધ થવાની જરૂરત છે. સફળતા તમારી સાથે જ છે. આર્થિક લાભ વાળો દિવસ રહે.

મકર(ખ.જ.) :- રહેણાંક મકાનમાં રીનોવેશનની ઈચ્છા ફળે મિત્રોમાં વધારો થાય. વધુ પડતી લાગણીઓને કાબુમાં રાખવી.

કુંભ(ગ.શ.સ.) :- બીજાને માન આપવાથી માન મેળવશો. નોકરીમાં પરિવર્તન કરવાની ઈચ્છા ફલે. પ્રવાસમાં સફળતા.

મીન(દ.ચ.ઝ.) :- વધુ પડતા જવાબદારીઓથી દૂર રહેજો-નાણાંકીય બાબતોમાં લાભ -અંગત સંબંધો વધુ ગાઢ બને.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# દે.બારીઆમાં પીવાનું પાણી દુષિત મળતા રોગચાળો ફેલાવવાનો ભય




તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ નગર પાલિકાના દ્વારા લાખ્ખોનો ખર્ચ કર્યો હોવા છતાં વોટર્સ વર્કનો વોટર્સ ફિલ્ટર બંધ છે. તેમ છતાં તેનું સમારકામ કરવામાં આવતું નથી. જેથી પીવાની પાઈપ લાઈન ચબુતરા થી હોળી ચકલા થઈ કસ્બા જાની ફળીયા સુધી જતી હોય છે. તે લાઈન તાડ ફળીયા પણ પાણી પુરવઠો મળે છે. જેમાં ઘણા સમય થી કાદવ કીચડ દુર્ગંધવાળું પાણી આવતું હોવાની બૂમ છે તથા પારેખ શેરીમાં પણ દુષિત પાણી આવે છે. તે અંગેનો અહેવાલ અમારા પંચમહાલ સમાચાર દૈનિકમાં પ્રકાશિત કર્યો હતો. તો પણ નગર પાલિકાના તમામ સત્તાધિશો તથા કર્મીઓ બે પરવા બનતા નગરની જનતામાં ભારે આક્રોશ ફાટી નિકળ્યો છે. સત્તાની સાઢમારીમાં ભ્રષ્ટાચારી સભ્યોને આવતી નગર પાલિકાની ચુંટણીમાં ઘર ભેગા થાય તો નવાઈ નહીં તેવું આમ જનતામાં ગણગણાટ છે. પીવાનું પાણી પણ દેશ આઝાદ થયે સાત દાયકા વિત્યા હોવા છતાં પણ પીવાનું પાણી દુર્ગંધવાળું આવે છે. કારણ કે ભ્રષ્ટ ખાદીદારીઓ સાથે ભ્રષ્ટકર્મીઓ પણ સાથ આપતા થઈ ગયા છે. તો પણ મેરા ભારત મહાન શાન થી કહેવામાં આવે છે.

નગર પાલિકાની બોડી દેડકાની પાનશેરી સમાન છે. ક્યારે બોડી ઉથલી પડે તેનું કશું કહેવાય નહી. જેથી હાલમાં નવિન રોડનું કાર્ય થાય તે પહેલા નવિન પાઈપ લાઈન નાખવાની કામગીરી હાથ ધરાયા પછી જ નવિન રોડનું કાર્ય કરવામાં આવે જેથી રોડ ખોદાય નહીં જ્યાં જ્યાં દુષિત પાણી મળતું હોય તેમજ કાદવ કીચડની પાઈપો ચોકઅપ થઈ ગયેલ છે. તેવી તમામ પાઈપ બંધ કરી નવિન પાઈપો નાખવાનું કાર્ય હાથ ધરવમાં આવે તેવી આમ જનતાની બુલંદ માંગ ઉઠવા પામી છે. જવાબદાર કર્મચારીઓ પોતાની નૈતિક ફરજ દાખવે નહી કે ટકાવારી કયાંથી મળશે તેની પાછળ આંધળી દોડ મૂકે આપણો ભારત દેશ ભ્રષ્ટાચારીના રેટમાં ઊંચા ક્રમાકમાં આવે છે. તે આપણા દેશ માટે ગંભીર કહીએ તો બુરૂ નથી.

# દાહોદની નાની ડબગરવાડના યુવાનની હત્યા કરી અર્ધ બળેલી લાશ ફેંકી હત્યારા ફરાર



દાહોદ,

દાહોદ તાલુકાના નાની સારસી ગામે એક અજાણ્યા યુવાનની બોથડ પદાર્થના ભાગે તિક્ષણ હથિયારના ઘા મારી મોત નોપજાવી પુરાવાનો નાશ કરવાના લાશને સળગાવવાનો પ્રયત્ન કરતા અડધી બળેલી લાશ આજે સવારે મળી આવતા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી

## પોલીસે હત્યારને ઝડપી પાડવા કવાયત હાથ ધરી

મૃત યુવાનની ઓળખ ગણતરીના કલાકોમાં જ કરી હત્યાનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરતા દાહોદ પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પ્રાત્પ વિગત અનુસાર દાહોદ શહેરના જૂની કોર્ટની પાછળ આવેલ નાના ડબગરવાડ માં રહેતા ૧૯ વર્ષીય જગદીશભાઈ રાજેશભાઈ દેવડા ને ગત રાતના અગિયાર વાગ્યાથી આજે સવારે ૧૦ વાગ્યા સુધીના આ સમયગાળામાં કોઈ અજાણ્યા ઈસમે કોઈ કારણસર માથામાં પાછળના ભાગે કોઈ બોથડ હથિયાર થીફ ઘા મારી તથા ગળામાં આગળના ભાગે કોઈ તીક્ષ્ણ હ થિયારથી ઘા મારી મોતને ઘાટ ઉતારી પુરાવાનો નાશ કરવાના ઈરાદે મૃતક જગદીશ દેવડાની લાશને સળગાવી દેવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ કોઈ કારણસર અડધી બળેલી લાશ છોડી અજાણ્યો હત્યારો નાસી ગયો હતો. જે લાશ આજે દાહોદ તાલુકાના નાની સારસી સામે ગેસ પંપની સામે ડિવાઈડર પરથી અડધી બળેલી હાલતમાં મળી આવી હતી. આ કર્મીઓને સાથે લઈ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.અને અડધી બળેલી લાશ નો કબજો લઈ પોલીસ લાશની ઓળખની કામગીરીમાં જોતરાઈ હતી અને

> આ ક્રૂર હત્યા નો ભેદ ઉકેલવા માટે હાલ પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી દીધો છે. જેમાં પરિવારના,મિત્રોના તેમજ સ્વજનોના નિવેદનો લેવાની પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. વધુમાં જાણવા મળ્યા પ્રમાણે, યુવકના મોબાઈલ નંબરની કોલ ડીટેલ પણ કાઢવામાં આવનાર છે. યુવકના કોલ ડીટેલ પરથી આ હત્યા પરથી પડદો ઉચકાઈ તેવી પૂરેપૂરી સંભાવનાઓ પણ વ્યક્ત કરાઈ રહી છે. આશાસ્પદ આ યુવકના મોતના પગલે પરિવાર પણ માતમ છવાયો છે અને હત્યારાઓને કડકમાં કડક સજા થાય તેવી લાગણી અને માગણી પણ પરિવારજનોમાંથી ઉઠવા પામી છે. ખાસ તો જોવાનું એ રહ્યું કે, આ યુવકને કયા કારણોસર મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હશે? કા તો પ્રેમ પણ હોઈ શકે કા તો પૈસાની લેવડ-દેવડ પણ હોઈ શકે. આ તમામ પાસાઓ પર હાલ પોલીસ ઘનિષ્ઠ તપાસ હાથ ધરી રહી છે.

અંગેની જાણ દાહોદ તાલુકા પોલીસને કરાતા તાલુકા પોલીસ સ્ટેશનના સિનિયર પીએસઆઈ દેસાઈ પોતાના સ્ટાફના પોલીસ ગણતરીના કલાકમાં લાશની ઓળખ કરી દેતા સદર લાશ દાહોદ શહેરના નાના ડબગરવાડમાં રહેતા ૧૯ વર્ષીય જગદીશભાઈ રાજેશભાઈ દેવડાની હોય આ અંગેની જાણ મૃતકના પરિવારજનોને કરવામાં આવી હતી. પોલીસે પંચો રૂબરૂ લાશનું પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે લાશને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં મોકલી આપી મૃતકના પિતા રાજેશભાઈ મુંગુભાઈ દેવડાની ફરીયાદ ના આધારે દાહોદ તાલુકા પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે જગદીશ રાજેશ દેવડાની હત્યા કોણે અને કયા કારણસર કરી હત્યાનું સ્થળ આજ છે કે પછી અત્યારે બીજી જગ્યાએ કરી તેની લાશ રાતે નાની સારસી ગામે લાવી પુરાવાનો નાશ કરવા પ્રયત્ન કર્યો તે બાબત પોલીસની ઉંડી તપાસ બાદ જ બહાર આવે તેમ છે.હાલ તો આ હત્યાનું રહસ્ય અકબંધ છે.

# દાહોદમાં કોરોના રી-ઈન્ફેક્શનનો પ્રથમ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ

દાહોદ,

વૈશ્વિક બિમારી કોરોના વાયરસે હાલ તો નવું સ્વરૂપ બદલીને દુનિયામાં ડરનો માહોલ બનાવી દીધો છે. ત્યારે ગુજરાતના દાહોદમાં કોરોના રી-ઈન્ફેક્શનનો પ્રથમ કેસ નોંધાયો છે. કોરોના દર્દીને અગાઉ ૯ મહિના પહેલા કોરોના પોઝિટીવ થયા હતા, ત્યારે તેજ વ્યક્તિ ફરી રિ-ઈન્ફેક્શન થતાં જિલ્લાના પ્રથમ રિ- ઈન્ફેક્ટેડ કોરોના પોઝિટિવ જાહેર થયા છે. લીમડીના આરોગ્ય કર્મીને ફરીથી કોરોના થતાં હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયો છે. અગાઉ એપ્રિલમાં આજ વ્યક્તિ કોરોનાથી સંક્રમિત થયા હતા.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, દાહોદમાં દાહોદ આરોગ્ય વિભાગ દ્વારા ચાલતી કાર્યવાહી અંતર્ગત મંગળવારે તાલુકા પંચાયત વિસ્તારમાં ચેકીંગ હાથ ધરીને માસ્ક વિના ખુલ્લા મોઢે ફરતા લોકોને પકડીને ફરજ ઉપર જ રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. માસ્ક વિના ઝડપાયેલા વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિનો રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવતા ખળભળાટ મચી ગયો હતો. બાદમાં તેને સત્વરે હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો છે. તો બાકીના ૨૪ જણાના લોકોના રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ હાશકારો લીધો હતો.

આ વ્યક્તિની ઈતિહાસ જોતા ચારેબાજુ ચર્ચા જાગી હતી. અગાઉ આ વ્યક્તિને કોરોના થયો હોવાનો ખુલાસો થયો હતો. ત્યારબાદ દાહોદમાં કોરોના રી-ઈન્ફેક્ટેડ થયો હોવાનો પ્રથમ કેસ સામે આવ્યો હોવાની વાત સામે આવી હતી. આ વ્યક્તિ એપ્રિલ મહીનામાં પોઝીટીવ આવ્યા બાદ ૯ માસ પછી પુનઃ સંક્રમિત થયો છે. લીમડીના આરોગ્ય કર્મી પુનઃ પોઝીટીવ આવતા હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે ૧૫ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા સાથે જિલ્લા કોરોનાનો કુલ આંકડો ૨૫૨૯ને પાર થઈ ચુક્યો છે. આર.ટી.પી.સી.આર.ના ૨૯૭ પૈકી ૧૦ અને રેપીટ ટેસ્ટના ૫૧૦ પૈકી ૦૫ મળી આજે કુલ ૧૫ કેસો સામે આવ્યા છે. આ ૧૫ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૪, દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૩, લીમખેડામાંથી ૦૫ અને સીંગવડમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૦ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૩૫ રહેવા પામી છે ત્યારે રાબેતા મુજબ જિલ્લામાં કુલ ૮૯ લોકોએ કોરોનાથી પોતાનો જીવ ગુમાવ્યો છે.

# ૬૧મા રાજયકલા પ્રદર્શનની કલાકૃતિઓનો સ્વીકાર

દાહોદ,

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ૬૧મુ રાજયકલા સ્પર્ધા/પ્રદર્શન યોજાનાર છે.આ પ્રદર્શનમાં જુદી-જુદી કલાઓ જેવી કે પેઈન્ટીગ, શિલ્પકલા, ગ્રાફિક્સ, વ્યવહારીક કલા, છબીકલા, તેમજ બાળ ચિત્રકલાના ક્ષેત્રના કલાકારો પાસેથી ૬૧મા રાજ્ય કલા સ્પર્ધામાં કલાકારો/કલાના ચાહકો, કલાસંસ્થાના વિદ્યાર્થીઓ, શાળાઓમા ધોરણ ૧ થી ૧૦માં ભણતા બાળકો પાસેથી કલાકૃતિઓ સ્પર્ધા માટે મંગાવવામા આવેછે,હાલ પ્રવર્તમાન કોરોના મહામારીને દયાને લઈ આ કલાકૃતિઓ આગામી તા-૨૮ ડીસેમ્બર,૨૦૨૦ થી તાઃ-૦૨ જાન્યુઆરી,૨૦૨૧ દરમ્યાન નિયત અરજી પત્રકો સાથે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા યુવા વિકાસ અધિકારી દાહોદ,જિલ્લા સરવે ભવન,પ્રથમ માળ, કોંન્ફરંસ હોલ, છાપરી તા-જિ-દાહોદ ખાતે બપોરના ૧૨-૦૦ વાગ્યા થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી રૂબરૂ/કુરીયર દ્વારા સ્વીકારવામાં આવશે.ત્યારબાદ કે તે પહેલા મળેલ અરજી પત્રકો/કલાકૃતિઓ સ્વિકારવામા આવશે નહી.અરજી પત્રકો સમ્પુર્ણ વિગતો ભરીને,કલાકૃતિઓ સાથે રજુ કરવાના રહેશે.આ સ્પર્ધાનું ફોર્મ ઉપર જણાવેલ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દાહોદ ખાતેથી મેળવી શકાશે.ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા કોઈ પણ કલાકૃતી/ફોર્મ સ્વીકારવામા આવશે નહિ.આ અંગે જરૂર જણાયે ગુજરાત રાજ્ય લલિતક્લા અકાદમીના ટેલીફોન નં.૦૭૯-૨૬૪૨૫૫૬૨ પરથી માહિતી મેળવી શકાશે.

# બૌદ્ધિક અસમર્થતા ધરાવતા વ્યક્તિને રૂ.એક હજારની માસિક સહાયની યોજના

દાહોદ,

દાહોદ જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા ૮૦ ટકા કે તેનાથી વધુ મંદબૃદ્ધિ કે બૌદ્ધિક અસમર્થતા ધરાવતા અને ૭૯ વર્ષ સુધીની ઉંમરવાળા દિવ્યાંગોને આવક મર્યાદાના બાદ વિના માસિક રૂ. એક હજારની આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. સમાજ સુરક્ષા નિયામકની કચેરી દ્વારા અમલીકૃત સંત સુરદાસ યોજના અને ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબિલિટી પેન્શન યોજના હેઠળ હાલમાં લાભ લઈ રહેલા ૮૦ ટકા મેન્ટલ રિટાર્ડેશન અને ઈન્ટેલેક્યુઅલ ડિસેબિલિટી ધરાવતા લાભાર્થીઓની આ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યો હોવાથી તેમણે ફરી અરજી કરવાની રહેતી નથી. જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, જિલ્લા સેવા સદન, ગ્રાઉન્ડ ફ્લોર, છાપરી, દાહોદ ખાતેથી ફોર્મ મેળવી નિયત નમૂનામાં અરજી કરવા જાણ કરાઈ છે.

# બાગાયતી ખેતી કરતા ખેડૂતો જોગ સૂચના

દાહોદ,

રાજ્ય સરકારની બાગાયતી પાકો અને તેના સંલગ્ન વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે આઈ ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરી હોય એવા ખેડૂતોની પાત્રતા ધરાવતી અરજી દાહોદ જિલ્લા નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા મંજૂર કરવામાં આવી છે. જે ખેડૂતોને અરજી માટે મંજૂરી મળી હોય તેમના તેમણે કરેલા ખર્ચના બિલો સ્વીકારવાની અંતિમ તારીખ ૧૦-૦૧-૨૦૨૧ છે. આથી બાગાયતી ખેતી કરતા ખેડૂતોએ અંતિમ તારીખ સુધીમાં ખર્ચના અસલ બિલો, વાઉચર, ફોટોગ્રાફ સહિતના સાધનિક કાગળો નાયબ બાગાયત નિયામકની કચેરી, જિલ્લા સેવા સદન, બીજો માળ, રૂમ નંબર ૨૩૩-૨૩૫, છાપરી, દાહોદ ફોન નંબર ૦૨૬૭૩-૨૩૯૨૫૧ ખાતે રજૂ કરવા જણાવાયું છે.

# પ્રયાગરાજમાં ઈફકો પ્લાન્ટમાં મોટી દુર્ઘટના, ગેસ લીકેજથી ૨ અધિકારીઓના મોત




પ્રયાગરાજ,

પ્રયાગરાજના ફુલપુર ઈફકો પ્લાન્ટમાં ઈફ્ફકો પ્લાન્ટમાં ગઈકાલે રાત્રે એક મોટો અકસ્માત થયો હતો. એમોનિયા ગેસ લિક થવાના કારણે બે અધિકારીઓ વી.પી.સિંહ અને અભિનંદનનું મોત નીપજ્યું હતું. ઈફકો પ્લાન્ટ પર પોસ્ટ કરાયેલા ૧૫ કર્મચારીઓની તબિયત ગેસ લિકેજને કારણે નબળી પડી છે.

તમામને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. યુરીયાના ઉત્પાદન યુનિટમાં પંપ લિકેજને લીધે ગેસ લિકેજ થવાની સંભાવના છે. ફુલપુર ઈફકોના પી-૧ યુનિટ ખાતે મંગળવારે રાત્રે એમોનિયા ગેસ લિક શરૂ થયો હતો. ત્યાં હાજર અધિકારી વી.પી.સિંહ લીકેજ અટકાવવા દોડી ગયા હતા, પરંતુ તે ખરાબ રીતે દાઝી ગયો હતો.

આ પછી, અધિકારીને બચાવવા અભિનંદન પહોંચ્યો, તે પણ દાઝી ગયો. આ બંને અધિકારીઓને હાજર કર્મચારીઓએ બહાર કાઢ્યા હતા. જો કે, આ સમય દરમિયાન એમોનિયા ગેસનું લિકેજ આખા યુનિટમાં થઈ ગયું હતું અને ત્યાં હાજર ૧૫ કર્મચારીઓ તેમા ફસાઈ ગયા હતા, જેમાંથી કેટલાક બેભાન થઈ ગયા હતા.

ઘટના સ્થળે પહોંચેલા નિષ્ણાંતોએ પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. કહેવામાં આવી રહ્યું છે કે ધરમવીર સિંહ, લાલજી, હરીશચંદ્ર, અજિત કુશવાહા, અજિત, રાકેશકુમાર, શિવા, કાશી, બલવાન, અજય યાદવ, સીએસ યાદવ, આરઆર વિશ્વર્મા, રાકેશ સહિત ઘણા કર્મચારીઓ એમોનિયાના કારણે બીમાર પડ્યા હતા. તમામને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઈફકોના અધિકારીઓ બી.પી.સિંઘ અને અભિનંદનનું મોત નીપજ્યું છે. એસપી ગંગાપર ધવલ જયસ્વાલ, સીઓ રામસાગર, એસડીએમ યુવરાજ સિંહ અને ઈફકો યુનિટના વડા મોહમ્મદ મસુદ સહિતના ઘણા અધિકારીઓ બચાવ કામગીરીમાં પહોંચી ગયા છે.

# ૧૫ જાન્યુઆરીથી અમદાવાદ-નિઝામુદીન સંપર્ક ક્રાંતિ સ્પેશિયલ ટ્રેન સપ્તાહમાં એક દિવસ ચાલશે

વડોદરા,

પશ્ચિમ રેલવેના અમદાવાદથી દર બુધવાર અને શુક્રવારે ચાલતી ટ્રેન નં-૦૨૯૧૭ અમદાવાદ-હઝરત નિઝામુદીન સંપર્ક ક્રાંતિ સ્પેશિયલ ટ્રેન ૧૫ જાન્યુઆરી, ૨૦૨૦થી કાયમી ધોરણે રદ કરવામાં આવી છે. ૧૫ જાન્યુઆરીથી અમદાવાદ-નિઝામુદ્દીન સંપર્ક ક્રાંતિ સ્પેશિયલ સપ્તાહમાં માત્ર એક દિવસ જ ચાલશે.

હાલમાં, ટ્રેન નં-૦૨૯૧૭ અમદાવાદ-હઝરત નિઝામુદીન સ્પેશિયલ સપ્તાહમાં દર સોમવાર, બુધવાર અને શુક્રવારે અમદાવાદથી ચલાવવામાં આવે છે અને ટ્રેન નં-૦૨૯૧૮ હઝરત નિઝામુદીન-અમદાવાદ સ્પેશિયલ દર મંગળવાર, ગુરૂવાર અને શનિવારે નિઝામુદીનથી ચલાવવામાં આવે છે. ૧૫ જાન્યુઆરીથી આ ટ્રેન અઠવાડિયામાં એકવાર અમદાવાદથી દર સોમવારે અને દર શનિવારે હઝરત નિઝામુદીનથી ચાલશે. એટલે કે, અમદાવાદ અને હઝરત નિઝામુદીન આ ટ્રેન ત્રિ-સાપ્તાહિકની જગ્યાએ સાપ્તાહિક રહેશે.

વડોદરાથી કેવડિયા સુધીની રેલવે લાઈન ઝડપથી ચાલૂ થાય તે માટે રેલવે બોર્ડ દ્વારા પ્રયત્નો કરાઈ રહ્યાં છે અને ડિસેમ્બર અંત સુધીમાં ટ્રેકની કામગીરી પૂર્ણ કરી દેવાની જાહેરાત પણ કરાઈ છે. ત્યારે ટ્રેક શરૂ થયા બાદ કેવડિયાથી દેશના અલગ-અલગ શહેરો માટે ટ્રેનો શરૂ કરાશે. જેમાં દિલ્હીથી અમદાવાદ આવતી ટ્રેનને કેવડિયા સુધી લંબાવવાની જાહેરાત કરી છે.

# વડોદરામાં રસીકરણની ૭૮ ટકા કામગીરી પૂર્ણઃ ૨.૨૪ લાખ લોકોની નોંધણી થઈ

વડોદરા,

વડોદરા શહેરમાં કોવિડ-૧૯ રસીકરણ માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા છેલ્લા બે અઠવાડિયાથી સર્વે ચાલી રહ્યો છે. જેમાં અત્યાર સુધીમાં રસી આપી શકાય તેટલા અઢી લાખ લોકોની નોંધણી કરવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૮૨૩ ટીમને આ સર્વે માટે કામે લગાડવામાં આવી છે અને સર્વેની ૭૮ ટકા કામગીરી પૂર્ણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. વડોદરા શહેરમાં ૫૦ વર્ષથી વધુ ઉંમરના તથા ૫૦ વર્ષથી નીચેની ઉંમરમાં ગંભીર બીમારી ધરાવતા હોય તેવા ૨,૪૨,૩૨૪ લોકોની નોંધણી થઈ છે. પાલિકાનો ટાર્ગેટ આશરે ૩,૦૪,૮૮૩ સુધી લઈ જવાનો છે. જે ડેટા એકત્રિત થશે. તે કોર્પોરેશન હાલ પોતાની પાસે રાખશે અને જ્યારે રસીકરણ માટે સરકાર માંગશે, ત્યારે તે સરકારને સુપરત કરાશે. આ ઉપરાંત સર્વેની કામગીરી દરમિયાન જે લોકો ઘરે હાજર ન હોય તેમજ અમુક વિસ્તારોમાં સર્વેની કામગીરીથી બાકાત રહ્યા હોય તેવા લોકોની નોંધણી માટે આગામી દિવસોમાં બેઠકનું આયોજન કરાશે અને તેમાં વંચિત રહેતા વ્યક્તિઓની નોંધણી અંગે નિર્ણય લેવાશે. આ પહેલા વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રસીકરણ માટે નોંધણી કરવામાં આવી હતી અને શહેરી વિસ્તારમાં નોંધણી કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોવિડ-૧૯ વેક્સિન સર્વેમાં નોંધણી કરેલા વ્યક્તિઓને રસી લેવી ફરજીયાત નથી.

# સુરત શહેરમાં દોડશે મેટ્રો, પ્રોજેક્ટના ફેઝ-૧ માટે ફાઈનાન્સિયલ બિડ ખુલી



સુરત,

ગુજરાતના "ડાયમંડ સિટી" ગણાતા સુરતમાં પણ મેટ્રો ટ્રેન પરિયોજના પર કામ શરૂ થઈ ગયું છે. જે માટે ફેઝ-૧ના પ્રથમ સેક્શનના ૧૧ કિલોમીટરના એલવેટેડ રુટના ૧૦ સ્ટેશનો અને રૂટ નિર્માણ માટે ફાઈનાન્સિયલ બિડ ખોલવામાં આવી છે.

જેમાં સૌથી ઓછી બોલી ૭૭૯.૭૩ કરોડ રૂપિયાની લાગી છે. જેમાં સદ્દભાવ અને એસપી સિંગલા જૉઈન્ટ વેન્ચરનો નંબર આવ્યો છે. આ બન્ને કંપનીઓએ જોઈન્ટ કંસોર્ટિયમ અંતર્ગત સૌથી ઓછી બોલી લગાવી છે. જ્યારે દેશની પ્રથમ બુલેટ ટ્રેન યોજનાનો કોન્ટ્રાક્ટ મેળવનાર લાર્સન એન્ડ ટૂબ્રો આ દરમિયાન ત્રીજા ક્રમે રહી છે. સુરત મેટ્રો રેલ પરિયોજના સાથે સંકળાયેલા અધિકારીઓ તરફથી મળેલી વિગતો મુજબ, માસ રેપિડ ટ્રાંઝીટ સિસ્ટમ અંતર્ગત ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડએ ફાઈનાન્સિયલ બિડ ખોલી. જેમાં અગાઉ ઓક્ટોબર મહિનામાં ટેક્નિકલ બિડ ખોલવામાં આવી હતી. જેમાં કુલ ૬ મોટી ઈન્ફાસ્ટ્રક્ચર કંપનીઓ સામે આવી હતી. જેમાંથી એક કંપની ડિસક્વાલિફાય થઈ ગઈ હતી. જ્યારે અન્ય ૫ કંપનીઓમાંથી સદ્દભાવ એસપી સિંગલા જોઈન્ટ વેન્ચરે ફેઝ-૧ના કામ માટે સૌથી ઓછી બોલી લગાવી હતી. આખી હવે કોન્ટ્રાક્ટ તેમને જ મળવાની શક્યતા છે.

# રૂપાણી સરકારનો મોટો નિર્ણયઃ ફેક્ટરીઓનું ઈન્સ્પેકશન હવે ઓનલાઈન થશે

ગાંધીનગર,

રાજયના મુખ્યપ્રધાન વિજય રૂપાણીની અધ્યક્ષતા મળેલી કેબિનેટ બેઠકમાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કરવામાં આવતા ફેક્ટરીના ઈન્સ્પેક્શનની કામગીરી બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા બનાવવામાં આવેલી મોબાઈલ એપ્લીકેશનથી હવે સમગ્ર રાજયમાં તમામ ફેક્ટરીઓનું પેપર લેસ ઈન્સ્પેક્શન કરવામાં આવશે. આ પેપરલેસ ઈન્સ્પેક્શન કરનાર ગુજરાત રાજ્ય દેશનું પ્રથમ રાજ્ય બનશે.

જે અધિકારીઓ ફેક્ટરીનું ઈન્સ્પેક્શન કરવા જશે, ત્યારે તેવા મોબાઈલની અંદર એપ્લિકેશન મારા તરફથી ફેક્ટરીનું તમામ ડેટા તૈયાર કરશે અને ઓનલાઈન ઈન્સ્પેકશન કર્યા બાદ મુખ્ય કચેરીમાંથી ગણતરીની મિનિટોમાં ઈન્સ્પેક્શન રિપોર્ટ પણ તૈયાર કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, જયારે અધિકારીઓ ઈસ્પેકશનમાં જો કોઈ ફેક્ટરીની મુલાકાત લીધા વિના જ ઈન્સ્પેકશન રિપોર્ટ આપશે તો પણ ગેરરીતિ ઝડપાઈ જશે. કારણ કે, રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી આ નવી મોબાઈલ એપ્લિકેશનમાં લોકેશન અને જીઓટેગીગ કરવામાં આવ્યું છે.

કોરોનાની મહામારી દરમિયાન સમગ્ર દેશમાં લોકડાઉન લાગી દેવામાં આવ્યું હતું, ત્યારે ગુજરાતની જો વાત કરવામાં આવે તો ગુજરાતમાં લોકડાઉન લાગે તે પહેલાં જ રાજયના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ આ મોબાઈલ એપ્લિકેશનનું લોકાર્પણ કર્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 104

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલ મામલતદાર કચેરીમાં

# નોંધ પડાવવાના નામે ચાલતા ભ્રષ્ટાચારના અહેવાલ બાદ તપાસનો ધમધમાટ

- મામલતદાર કચેરીમાં સ્ટેમ્પ વેન્ડર અને અરજદારના નિવેદન લેવાયા.
- કાલોલ મામલતદાર કચેરીમાં લાંચ પ્રકરણમાં પ્રાન્ત અધિકારી દ્વારા તપાસનો આદેશ.



તસ્વીર : નુર બાલા, વેજલપુર

ગોધરા,

કાલોલ તાલુકા મામલતદાર કચેરીમાં હાલના ઈન્ચાર્જ સર્કલ ઓફિસર દ્વારા સ્ટેમ્પ વેન્ડરને વચેટીયા તરીકે રાખીને નોંધ પડાવવા માટે લાંચના રૂપીયા અરજદારો પાસે માંગતો હોય તેવો ઓડિયો વાયરલ થયો હતો. કાલોલ મામલતદાર કચેરીમાં ખુલ્લેઆમ વચેટીયાને રોકીને લાંચની માંગણી કરતા હોવાનો ઓડિયોના આધારે દૈનિક અખબારમાં અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. અહેવાલના પગલે પ્રાંત અધિકારી દ્વારા મામલતદાર કચેરીમાં ચાલતા ભ્રષ્ટાચારની તપાસ સોંપવામાં આવી છે. સાથે તપાસના અહેવાલ બાદ કાર્યવાહી કરવામાં આવશે તે પણ નકારી શકાય નહિ.

કાલોલ તાલુકા મામલતદાર કચેરી સ્ટેમ્પ વેન્ડર તરીકે કામ કરતાં રશ્મિભાઈ પરમાર દ્વારા એક અરજદારને ઈન્ચાર્જ સર્કલ વતી નાણાંની માંગણી કરવામાં આવી હતી. જ્યારે અરજદાર મામલતદાર કચેરીના સર્કલ ઓફિસરના વચેટીયા તરીકે લાંચની માંગણી કરતા રશ્મિભાઈ પરમારને મળ્યા હતા. ત્યારે અરજદારને જણાવ્યું હતું કે, રેગ્યુલર સર્કલ ઓફિસર દ્વારા હાલના ઈન્ચાર્જ સર્કલ ઓફિસર જેના વ્યવહાર બાકી છે. તેવા અરજદારનું લીસ્ટ આપવામાં આવ્યું છે. અને જે અરજદાર વ્યવહાર ન આવે તેવી નોંધ રદ કરવામાં આવશે. તેવી ધમકી ઉચ્ચારવામાં આવી હતી.

કાલોલ મામલતદાર કચેરીમાં નોંધ પડાવવાના અહેવાલ બાદ પ્રાંત અધિકારી દ્વારા તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. ત્યારે આવા વચેટીયાઓ સાથે સાંઠગાંઠ કરી ભ્રષ્ટ અધિકારીઓ લાંચની માંગણી કરતા આવા વચેટીયાઓને બચાવ માટે પણ કેટલાક અધિકારીઓ મેદાનમાં આવ્યા હોવાનું જણાઈ રહ્યું છે.

મામલતદાર કચેરીના સર્કલ ઓફિસર વતી વચેટીયા તરીકે કામગીરી કરતા રશ્મિભાઈ પરમાર દ્વારા અરજદાર સાથે નોંધ પડાવવા માટે વ્યવહારની વાતચીત મોબાઈલ ફોન ઉપર કરવામાં આવી હતી. તેવી ઓડિયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો હતો. કાલોલ મામલતદાર કચેરીમાં ખુલ્લેઆમ ચાલતા ભ્રષ્ટાચાર અને લાંચની માંગણી વચેટીયાને રોકીને કરવામાં આવે છે. તેમાં પણ જેટલા અરજદારોની નોંધ કાચી પડેલ હોય તે પાકી નોંધ પડાવવા માટે વ્યવહારની માંગણી કરાતી હોવાનો અહેવાલ પંચમહાલ સમાચાર દૈનિકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. કાલોલ મામલતદાર કચેરીમાં નોંધ પડાવવા માટે સર્કલ ઓફિસરના વચેટીયા તરીકેની ભૂમિકા ધરાવતો હોય તેવા સ્ટેમ્પ વેન્ડર દ્વારા સર્કલ ઓફિસર નામે ફોન ઉપર અરજદારો સામે નોંધ પડાવવાના વ્યવહારની માંગણી અહેવાલ બાદ પ્રાંત અધિકારી દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. આજરોજ મામલતદાર કચેરી ખાતે સ્ટેમ્પ વેન્ડર અને અરજદારોના નિવેદનો લેવામાં આવ્યા છે. કચેરીમાં ચાલતા ભ્રષ્ટાચાર ને શરૂ થયેલ તપાસના અહેવાલ બાદ કાર્યવાહી કરવામાં આવશે.

કાલોલ મામલતદાર કચેરીમાં સર્કલ ઓફિસરના વચેટીયા તરીકે સ્ટેમ્પ વેન્ડર દ્વારા નોંધ પડાવવા માટે અરજદારો પાસેથી વ્યવહાર માંગતા હોય તેવા અહેવાલની અસર જોવા મળી છે. ગોધરા પ્રાંત અધિકારી દ્વારા તપાસના આદેશ કરવામાં આવ્યા છે. આદેશ બાદ સ્ટેમ્પ વેન્ડર તેમજ અરજદારના નિવેદનો લેવામાં આવ્યા.

# ઘોઘંબા પંથક માંથી ૨૪ કલાકમાં બે દિપડા પાંજરે પુરાતા વન વિભાગ દુવિધામાં : માનવભક્ષી દિપડો કયો ?


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

છેલ્લા ૧૫ દિવસથી ઘોઘંબા વિસ્તારમાં આંતક મચાવનાર બે દીપડા પાંજરે પુરાયા દીપડાને પાંજરે પુરવા ગોધરા દાહોદ દેવગઢ બારીયા સહીત સુરત વનવિભાગની એક્સપર્ટ ટીમ લાગી હતી.

પંચમહાલ જિલ્લાના ઘોઘમ્બા તાલુકાના ગોયાસુંડલ, કાંટાવેડા, પીપળીયા, તરવરિયા, સહિતના ગામોમાં છેલ્લા ૧ માસ ઉપરાંતના સમયથી દીપડાએ આતંક મચાવતા આ ગામોમાં અલગ અલગ ૬ જેટલા હુમલા કરીને ૨ માસુમ બાળકોના મોત નિપજાવ્યા હતા. જ્યારે ૪ જેટલા ઈસમોને ઈજાગ્રસ્ત કર્યા હતા. જ્યારે ૧ પશુ પણ મારણ કર્યું હતું, દીપડા દ્વારા હુમલાઓની સંખ્યા વધતા સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો જેને લઈને સ્થાનિક વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે પાંજરા મૂકીને કાર્યવહી હાથધરી હતી. જેમાં સ્થાનિક વન વિભાગની ટીમને સફળતા ન મળતા સુરતના માંડવી વન વિભાગની ટીમ તેમજ વડોદરાની સામાજિક સંસ્થાની મદદ મેળવીને દીપડાને ઝડપી પાડવા માટે સઘન કાર્યવાહી હાથધરવામાં આવી હતી. વન વિભાગ દ્વારા ૫ અલગ અલગ ટિમો બનાવીને દીપડાના પગમાર્ક મેળવી તેની અવરજવરની સંભવિત અલગ અલગ ૧૧ જગ્યાઓએ પાંજરા મૂકી કાર્યવાહી આરંભી હતી. જેમાં વન વિભાગને ૩ દિવસ બાદ પ્રથમ સફળતા ગઈકાલે સાંજે મળી હતી. જેમાં ગોયસુંદલ ગામ પાસે આવેલા વન વિસ્તારમાં મુકવામાં આવેલ પાંજરામાં ૬ વર્ષની ઉંમરનો નર જાતિનો દીપડો પાંજરે પુરાયો હતો. જેને હાલોલના ઘોબીકુવા ખાતે આવેલા દીપડા રેસ્ક્યુ સેન્ટર ખાતે લઈ જવાયો હતો. જ્યારે આજે વહેલી સવારે કાંટા વેડા ગામની સીમના અંતરિયાળ ડુંગર વિસ્તારમાં મુકવામાં આવેલા પાંજરામાં વધુ એક ૫ વર્ષની ઉંમરનો નર જાતિનો દીપડો પાંજરે પુરાયો હતો . આમ ૨૪ કલાકમાં ૨ દીપડા પાંજરે પૂરતા વન વિભાગ સહીત સ્થાનિકોએ રાહતનો શ્વાશ લીધો હતો. આજે ઝડપાયેલ દીપડો ખુબ જ અંતરિયાળ ડુંગરાળ વિસ્તારમાં હોઈ તેને બેભાન કરી સ્થાનિકોની મદદથી તેનું વન વિભાગ દ્વારા રેસ્ક્યુ કરીને ઘોબીકુવા ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. ત્યારે હવે વન વિભાગ દ્વારા એ તપાસ કરવામાં આવી રહી છે કે આતંક મચાવનાર દીપડો ઝડપાયેલા ૨ દીપડામાંથી કયો દીપડો હતો.

પાંજરે પુરાયેલ દીપડો અંદાજીત ૫ થી ૬ વર્ષ નો અને પુખ્ત નર દીપડો હોવા નો વન વિભાગદ્વારા પુષ્ટિ કરવામાં આવી છે.

ગોયાસુંડલ અને કાંટાવેડા ગામ માં હુમલાઓ કરનાર પકડાયેલ બે માંથી એક દીપડો હોવાની શક્યતા બંને દીપડાના લક્ષણો અને ફૂટ માર્ક એક સરખા જ હોવાથી હુમલો કરનાર ચોક્કસ દીપડો કયો એ કહેવું મુશ્કેલ છે.

કાંટાવેડા ગામના ડુંગરાળ પ્રદેશ માંથી પકડાયેલ દીપડાનું પાંજરૂ બહાર કાઢવા માટે સ્થાનિક લોકોની મદદ લેવાની જરૂર પડી હતી. કલાકોની ભારે જહેમત બાદ દીપડાનું પાંજરૂ જંગલ વિસ્તાર માંથી બહાર કાઢવામાં આવ્યું હતું.

# ઘોઘંબા તાલુકા મથકે તથા આસપાસના ગામડાઓમાં ઊભા કરાયેલા મોબાઈલ ટાવરો શોભાના ગાંઠિયા

ઘોઘંબા,

ઘોઘંબા કહેવાય છે કે, નામ " મોટા અને દર્શન ખોટા " એવા અર્થમાં સત્યાર્થ સાબિત થાય છે. ઘોઘંબા તાલુકા મથકે અને બાજુના ગામડાઓમાં વોડાફોન, બી.એસ.એન.એલ., જીઓ, એરટેલ જેવી મોબાઈલ નેટવર્ક કંપનીઓના ટાવર ઊભા કરાયા છે. આ ટાવરોના નેટવર્ક હાલમાં સતત ચાલુ બંધ થયા કરે છે.

ટાવરોના નેટવર્કને લીધે બેંકો, ટપાલ સેવાઓ વિવિધ જાહેરાતોના ફોર્મ ભરવા, વેપારીઓના ધંધાઓને આની બહુ મોટી અસર થવા પામી છે. ધીમા નેટવર્કને લીધે નાણાં અને સમયનો પુષ્કળ બગાડ થઈ રહ્યો છે.

શિક્ષણ વિભાગ દ્વારા ચાલી રહેલા ઓનલાઈન શિક્ષણમાં મોબાઈલ, લેપટોપ કે કમ્પ્યુટરો ચાલતા નથી અને હજારો વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બની ગયું છે અને હજુ પણ શિક્ષણને આંધળું બનાવશે આ ટાવરોની સેવા નેટવર્કનું રીચાર્જ કરાવતી વખતે ગ્રાહક દીઠ ૫૦૦ રૂા. કરતા વધારે પણ ચાર્જ વસુલાય છે. પરંતુ જ્યારે સર્વિસની વાત આવે ત્યારે તમામ ગ્રાહકોને નિરાશા ભોગવવી પડે છે. મોબાઈલ ટાવર કે નેટવર્ક ધરાવતી કંપનીઓને લોકોના પૈસે લીલા લહેર ઉડાવે છે. જ્યારે પ્રજા પરેશાન અને ત્રાસ ભોગવતી રહી છે.

કયારે આવશે આ નેટવર્ક સેવાનો અંત અને લોકો એ ખર્ચેલા નાણાંની સેવા પરત મળશે કે પછી આજ રીતે નેટવર્ક તંત્ર ચાલતું રહેશે. વારંવાર રજુઆતો કરવા છતાં કુંભકર્ણની નિંદ્રામાંથી આ નેટવર્ક કંપનીઓ કયારે જાગશે ?

# પંચમહાલમાં આજે ૨૧ કોરોના પોઝીટીવ કેસ : કુલ આંક ૩૬૭૬ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૧ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૬૫૫ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૧૪, હાલોલ-૦૧, કાલોલ-૦૪, શહેરા-૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૧૬ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૮૭.
- મૃત્યુ આંક - ૧૩૦.

# શહેરા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કૃષિ કાયદાના વિરોધમાં મામલતદારને આવેદન


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલૂકા કોંગ્રેસ સમિતી એ સરકાર દ્વારા લાવવામાં આવેલા કૃષિસંબધીત કાયદા મામલે મામલતદાર ને સુત્રોચ્ચાર સાથે આવેદન પત્ર આપવામા આવ્યુ હતું. કોંગ્રેસ એ ખેડૂતોના હિત માટે આ કૃષિ કાયદો રદ કરવામા આવે તેવી માંગ કરવામાં આવી હતી.

ગુજરાત સહિત દેશભરમા કૃષિકાયદાનો કોંગ્રેસ દ્વારા વિરોધ થઈ રહ્યો છે.બુધવારના રોજ શહેરા તાલુકા કોંગ્રેસ ના અગ્રણી તખત સિંહ સોલંકી, દુષ્યંતસિંહ ચોહાણ તેમજ જે.બી.સોલંકી, રંગીતસિંહ પગી અને કોંગ્રેસ પ્રમુખ આરતસિંહ પટેલ સહિતનાઓ એ આ કૃષિ સંબધિત ત્રણ કાયદા પરત ખેચવા મામલે મામલતદાર મેહુલ ભરવાડને આવેદન આપ્યુ હતું. કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો અને અગ્રણીઓ હાથમાં "ન્યાય માટે આંદોલન કરતા ખેડુતોને સહયોગ આપો" અને ખેડૂતોની માંગ પુરી કરવામા આવે તેવા બેનરો સાથે સુત્રોચ્ચાર કર્યા હતા.આવેદનપત્રમાં આક્ષેપ કરવામાંઆવ્યો હતો કે કૃષિ સંબધીત સહિત ત્રણ કાયદા પાછા ખેચીને રદ કરવા જોઈએ. મોદી સરકારે ત્રણ કાયદા ઘડીને દેશના ૬૨ કરોડ જેટલા અન્નદાતાઓને મૂઠ્ઠીભર મૂડીપતિઓના હાથે ગીરવેમુકી હરિતક્રાતિને ખતમ કરવાનુ તેમજ દેશના ખેડૂત અને ખેતમજૂરીઓની મહેનતને મુડીપતિઓના હાથમાં ગીરવે રાખવાનુ ષડયંત્ર રચ્યુ છે.જેના કારણે ખેતમજૂરો, મંડીમજુરો, ટ્રાન્સફોર્સ સહિતના કરોડો લોકોનો વિરોધ થઈ રહ્યો છે.વધૂમા આ કૃષિ સંબધીત કાયદાને રદ કરવા માટે આવેદનમાં ઉલ્લેખ કરવામા આવ્યો હતો.આવેદનપત્ર આપવા તાલુકા કોંગ્રેસ સમિતિના રંગીત સિહ પગી ઈકબાલ પોચા, સાજીદ વલી રિઝવાન પઠાણ પંચમહાલ જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ પ્રિયંકાબેન પરમાર, પ્રદેશ મહિલા કોંગ્રેસ મંત્રી તથા પંચમહાલ જિલ્લાના પ્રભારી જાનકી બેન પટેલ, પંચમહાલ જિલ્લા ઉપપ્રમુખ જય પરમાર, મહામંત્રી નિશરીનબેન શહેર મંત્રી મીનાબેન પૂરાણી, ગુણવંતભાઈ તેમજ ફારૂકભાઈ મોગલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વેજલપુર કબ્રસ્તાન પાસે પાણીની રેલમછેલના અહેવાલ બાદ પંચાયત દોડ્યું



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

વેજલપુર કબ્રસ્તાન સામે મેહલોલ ચોકડી થી પસાર થતો રસ્તા પર પાણી રેલમ છેલના સમાચાર પંચમહાલ સમાચારમાં પ્રસિદ્ધ થતા ગ્રામ પંચાયત એકશન આવી હતી. જેથી આજરોજ જીસીબી દ્વારા નવી પાઈપ લાઈન માટે ખોદ કામ શરૂ કરતા ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા સ્થળની મુલાકાત લીધી હતી. જેથી અનેક પ્રકારના સવાલો ઉઠ્યા હતા કે ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા હોળી ચકલા મેન બજાર ના પાણી ની પાઈપ લાઈનના કામો અને ગટર લાઈન ના કામો અને સીસી રોડના કામો મંજુર થયેલા છે. તે કામો ક્યારે થશે તેવા સવાલો ઉઠ્યા છે. પંચમહાલ સમાચાર ના સમાચાર વારચા પછી ગ્રામ પંચાયત વિસ્તારના વેજલપુર ગ્રામ પંચાયત વહેલી તકે કરશે કે આજ રીતે ગામ જનો ને મુશ્કેલીઓ વેઠવી પડશે તે જોવાનું રહ્યું.

લોકમુખે ચર્ચા વેજલપુર ગ્રામ પંચાયત કોઈપણ જગ્યાએ કામ કરાવેતો ગ્રામ પંચાયતના સભ્યો માત્ર ફોટા પડાવી ને સોશિયલ મીડિયામાં વાયરલ કરે છે.

વેજલપુર ગ્રામ પંચાયત વિસે રોજે રોજ અનેક લોકો સોશિયલ મા ઓડિયો અને મેસેજ વાયરલ કરે છે વેજલપુર ગ્રામ પંચાયતના વિકાસના કામોની સોશ્યલ મીડિયામાં ટીપ્પણી કરી સંતોષ માની લે છે.

# ગોધરા નગર પાલિકા વિસ્તારના ૪૬ એકમોને ફાયર સેફટીની સુવિધા ન હોવાની ફાયર વિભાગે નોટીસ આપી

ગોધરા,

ગોધરા નગર પાલિકા ફાયર વિભાગ દ્વારા શહેરમાં ફાયર સેફ્ટીની સુવિધા ન ધરાવતા હોય અથવા ફાયર સેફ્ટીના સાધનો કાર્યરત ન હોય તેવા ૪૬ જેટલા એકમોને નોટીસ ફટકારવામાં આવી છે.

ગુજરાત રાજ્યના મોટા શહેરોમાં હોસ્પિટલ, શોપીંગ મોલ, બહુ મંજલી ઈમારતો તેમજ ફેકટરીઓમાં આગ લાગવાની ઘટનાઓ સામે આવી છે. ફાયર સેફ્ટીના અભાવે મોટી હોનારતો બનવા પામી હતી. તેને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા તમામ શહેરોમાં હોસ્પિટલ, બહુ મંજીલી ઈમારતો, સરકારી કચેરીઓમાં ફાયર સેફ્ટીની સુવિધાની તપાસ કરવાના આદેશ આપવામાં આવ્યા હતા. ગોધરા નગર પાલિકા ફાયર વિભાગ દ્વારા ફાયર સેફ્ટીની સુવિધા ના ધરાવતા હોય અથવા ફાયર સેફ્ટીના સાધનો કાર્યરત ન હોય તેવા ૪૬ એકમો શોધી કાઢવામાં આવ્યા હતા અને ફાયર વિભાગ દ્વારા આવા એકમોને નોટીસ પાઠવીને ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરીને એન.ઓ.સી. મેળવી લેવા માટે સુચન કરવામાં આવ્યું છે.

# મોરવા(હ) પોલીસ મથકના પ્રોહિબીશન ગુનાના વોન્ટેડ આરોપીને આર.આર.સેલ એ ઝડપ્યો



મોરવા(હ),

પંચમહાલ આર. આર. સેલ ટીમે મોરવા હડફ પોલીસ મથકના પ્રોહિબિશન ના ગુના માં નાસ્તા ફરતા આરોપી ની સંતરોડ ખાતે થી ધરપકડ કરી

પંચમહાલ જિલ્લા આર આર. સેલ ને માહિતી મળી હતી કે મોરવા હડફ, દામાવાવ અને વેજલપુર પોલીસ મથકમાં નોંધાયેલી વિવિધ પ્રોહિનીશનના ગુનામાં નાસતો ફરતો આરોપી હાલોલનો અરવિંદભાઈ રાઠોડ સંતરોડ બસ સ્ટેન્ડ પાસે ઉભો છે . તેવી બાતમીના આધારે આર. આર. સેલ ની ટીમે તેને ઝડપી પાડ્યો હતો. ત્યાર બાદ મોરવા હડફ પોલીસ મથકે સોંપવામા આવ્યો. આમ પંચમહાલ આર. આર. સેલ ની ટીમે પ્રોહિબિસનના ચાર (૪) જેટલા ગુન્હામાં સંડોવાયેલા નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.


કોરોના મહામારીના કારણે ચાલુ વર્ષે શાળાઓ બંધ છે, પણ શિક્ષકોના ક્ષેત્ર હેઠળ શિક્ષકો દ્વારા ઈનોવેશન કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરીને પોતશાહન સ્વરૂપે તાલુકા કક્ષા ના ફેસ્ટિવલ જિલ્લા કક્ષાના પંચમહાલ દ્વારા કરવામાં આવ્યું હતું અને મોરવા હડફ બી.આર. સી ભવન ખાતે યોજાયો હતો. આ ઈનોવેશન બાર (૧૨) શિક્ષકો દ્વારા પોતાની શાળા કક્ષાએથી પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.